NAVSARI AGRICULTURAL UNIVERSITY

ડૉ. ટી. આર. અહલાવત

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

સંશોધન નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી
ફોન : ૦૨૬૩૭ ૨૮૩૧૬૦
ફેક્સ : ૦૨૬૩૭ -૨૮૩૪૫૨
E-mail : dr@nau.in

વંચાણે: ૧) નાયબ શ્રમ આયુકત અને લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૭ અન્વયે સક્ષમ અધિકારી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: શ્ર.આ.૬/ટે.૩/૨૦૨૬/૧૪૨ થી ૧૬૪ તા.૦૧/૦૪/૨૦૨૬

૨) કુલસચિવશ્રી, નકૃયુ., નવસારીના પત્ર ક્રમાંક: જા.નં.નકૃયુ/રજી/એડીએમ.૩.૧/૪૭૩૭-૮૬/૨૦૨૧ નવસારી તા.૧૭/૦૫/૨૦૨૧

૩) માન. કુલપતિશ્રી સાહેબની તા.૦૬/૦૪/૨૦૨૬ની નોંધ પર મંજુરી

**વિષય:** ખેતમજુરના દૈનિક નવા ભાવો/દર મંજુર બાબત....

# --: પરિપત્ર :--

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિવિધ સંશોધન/વિસ્તરણ/શિક્ષણ હેઠળના કેન્દ્રો/વિભાગોના વડાશ્રીઓને જણાવવાનું કે, આપના હસ્તકનાં ફાર્મ ખાતે ખેતીલક્ષી જરૂરીયાત મુજબની કામગીરી માટે દૈનિક દરથી કૃષિકાર્યોમાં રોજમદાર ખેત શ્રમયોગીઓને રોકવામાં આવે છે, હાલ તેઓને ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ ખેત વ્યવસાયમાં રોકાયેલ ખેતમજુરોને રૂા.૨૬૮/-(અંકે રૂપિયા બસો અડસઠ પુરા) મુજબ નક્કી કરેલ લઘુત્તમ વેતન દર ચુકવવામાં આવે છે. પરંતુ વંચાણે લીધેલ પત્ર-૧થી લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ રાજ્ય સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નીયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાનું થતું દૈનિક ખાસ ભથ્થું રૂા.૧૪૬/- (અંકે રૂપિયા એકસો છેતાલીસ પુરા) નિયત કરવામાં આવેલ છે. આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિવિધ સંશોધન/વિસ્તરણ/શિક્ષણના કેન્દ્રો/વિભાગોમા ખેતીલક્ષી કામગીરી માટે દૈનિક દરથી કૃષિકાર્યોમાં ખેત શ્રમયોગી/ખેતમજુરોને નીચે મુજબની વિગતે તા.૦૧/૦૪/૨૦૨૬ થી તા.૩૦/૦૯/૨૦૨૬ અથવા બીજો આદેશ ન થાય ત્યાં સુધી મંજુર કરવા આથી આદેશ કરવામાં આવે છે.

| અનુસુચિત રોજગારી/વ્યવસાય | દૈનિક લઘુત્તમ વેતન | દૈનિક ખાસ ભથ્થું | કુલ દૈનિક ચુકવવા પાત્ર રકમ |
|---|---|---|---|
| કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલ ખેત શ્રમયોગીઓ | રૂા.૨૬૮/- | રૂા.૧૪૬/- | રૂા.૪૧૪/- |

વધુમાં, નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ કેન્દ્રો/વિભાગો વડાશ્રીઓએ આ સાથે સામેલ અગત્યના મુદ્દાઓની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે, જેની નોંધ લેશો.

પ્રસ્તુત ફાઇલ પર માન. કુલપતિશ્રીની અનુમતિ મેળવવામાં આવેલ છે.

જા.નં.નકૃયુ/સંનિ/ટી.૨/ખેતમજુર/2136/૨૦૨૬
તા.૦૬.૦૪.૨૦૨૬

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

નકલ રવાના: પ્રતિ,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ કેન્દ્રો/વિભાગીય વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂં.

**નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ કેન્દ્રો/વિભાગો વડાશ્રીઓએ નીચે મુજબના અગત્યના મુદ્દાઓ પર તાત્કાલિક અસરથી અમલવારી કરવાની રહેશે.**

- ખેતમજુર/રોજમદારના આવવા-જવાના સમય અનુસાર સમયસર હાજરી પુરવાની રહેશે.
- કોઈપણ ખેતમજુર/રોજમદારને એક જગ્યાએથી કોઈ કારણોસર છુટા કરવામાં આવે અને બીજા કોઈ અન્ય કેન્દ્ર/વિભાગ ખાતે કામગીરી અર્થે રોકતા પહેલા જ્યાંથી છુટા કરવામાં આવેલ હોઈ એ કેન્દ્ર ખાતેથી મૌખીક જાણ/તપાસ કરી રોકવાનો રહેશે.
- ખેતમજુર/રોજમદારને આપવામાં આવતી બ્રેક/રીસેસનો સમયગાળો જેતે કેન્દ્રના વડાશ્રી દ્વારા સમય અને કામની અગત્યતાને ધ્યાને રાખીને નક્કી કરવાનો રહેશે.
- તમામ કેન્દ્રો/વિભાગો ખાતે કાર્યરત જેતે યોજના/બજેટમાં ફાળવેલ ગ્રાન્ટમાંથી જ આગામી ખર્ચનું આયોજન કરવાનું રહેશે તેમજ ફાળવેલ ગ્રાન્ટનો કાર્યક્ષમ ઉપયોગ કરી યોજનાના નક્કી કરેલ લક્ષ્યાંકો પુરા કરવાના રહેશે.
- તમામ ફાર્મ/કેન્દ્રો/વિભાગો ખાતે કાર્ય કરતા ખેતમજુર/રોજમદારની કામગીરી પર સુપરવિઝન કરવુ ફરજીયાત છે, જેથી ખેતમજુરોની કામગીરી ચાલુ હોય ત્યારે તેના સુપરવિઝન માટે કોઇ પણ એક કર્મચારીનુ હોવું ફરજીયાત છે, જેની જવાબદારી જે તે કેન્દ્ર/વિભાગના વડાશ્રીની રહેશે.
- કેટલાક ફાર્મ/કેન્દ્રો/વિભાગો દ્વારા યોજનામાં ફાળવેલ લક્ષ્યાંકો અને અત્રેથી મળેલ સુચનાનુસાર કામગીરીનું આયોજન કરવામાં આવતું નથી જે ધ્યાને આવેલ છે. સદર બાબતોનું ધ્યાન જે તે કેન્દ્ર/વિભાગના વડાશ્રીએ રાખવાનું રહેશે, જેની નોંધ લેશો.

વધુમાં, તમામ ફાર્મ/કેન્દ્રો/વિભાગો ખાતે ઉપર મુજબની તમામ સુચનાનું પાલન કરવામા ન આવતુ હોવાનું ધ્યાને આવશે તો તેની તમામ જવાબદારી કેન્દ્રો/વિભાગીય વડાશ્રીઓની રહેશે, જેની નોંધ લેશો.

જા.નં.નકૃયુ/સંનિ/ટી.૨/ખેતમજુર/2136/૨૦૨૬
તા.૦૬.૦૪.૨૦૨૬

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**